# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**
**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૧૭ અંક : ૧૯૫

પ્રમુખ
**ધનજી લખમશી સાવલા**
(નિ) ૨૪૭૫ ૩૮૯૪, ૯૩૯૧૦ ૫૨૮૦૩

માનદ્ મંત્રી
**અમૃતલાલ ભાણજી નિસર**
(નિ) ૨૪૭૫૫૫૭૪, ૯૩૪૭૫ ૫૫૫૭૪

સંપાદિકા
**શ્રીમતિ દર્શના દિનેશ દેઢિયા**
૬૬૪૬ ૩૬૯૫, મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદક
**દિનેશ કલ્યાણજી ગોસર**
૯૩૯૧૧ ૯૯૦૧૧, ૯૨૪૬૧ ૯૯૦૧૧

**રમેશ મણીલાલ શાહ**
૨૪૭૫ ૧૮૭૫, ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન
૩-૫-૧૪૨, ઇડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોન : ૨૪૭૫ ૨૩૮૩, ૬૫૯૪ ૨૩૮૩
email : hydkmm@gmail.com

*મુદ્રક*
**ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા, સુલતાન બજાર,
હૈદરાબાદ ૯૫ ફોન ૬૬ ૭૮૦ ૭૮૦
કિંમત - રૂ. ૧/-


''નિયાંપો'' માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.



## પ્રમુખશ્રીનો સંદેશ

**ધનજી લખમશી સાવલા**

વિશ્વભરની પ્રાચીન સંસ્કૃતિઓમાં, વિશેષતઃ ભારતીય સંસ્કૃતિમાં, ગુરુશિષ્ય પરંપરાનું ઉન્નત અને ઉચ્ચતમ સ્થાન છે. આ પરંપરાનાં ઉદ્દાત ઉદાહરણ અસંખ્ય છે. કિન્તુ, પરમાત્મા શ્રી કૃષ્ણ અને પાંડવપુત્ર અર્જુન, ચરમતીર્થંકર વર્ધમાન મહાવીર અને શાસ્ત્ર પારંગત લબ્ધી ભંડારા ગૌતમ ગણિધર તથા કરુણામૂર્તિ ભગવાન તથાગત બુધ્ધ અને પરમશિષ્ય આનંદ શ્રમણનાં દષ્ટાંતો તેમનાં પરસ્પર પ્રત્યેનાં ઉત્કૃષ્ટ મિત્રભાવ અને પરમસખાભાવથી આભૂષિત થઇ, સદાય સર્વશ્રેષ્ઠ, સર્વોત્તમ અને પ્રાતઃ પૂજનીય છે. એથી જ, એમણે સહુએ પરમકરુણા આણી, સર્વલોકનાં જીવમાત્રનાં હિતાર્થે અને સમસ્ત માનવજીવનનાં ઉત્થાન કાજે, પુરુષોત્તમ શ્રી કૃષ્ણે, અર્જુનને શ્રીમદ્ ભાગવત ગીતાથી, વીરપ્રભુ મહાવીરે, ગૌતમસ્વામીને પ્રબુધ જિનવાણીથી અને ભગવાન બુદ્ધે પરમશિષ્ય આનંદને ધર્મપદ થી પ્રબોધી જગતજીવો પર અનંત ઉપકાર કર્યો છે.

આવા ઉચ્ચ કોટિનાં માનવમૂલ્ય અને સિદ્ધાંતોની ગુરુશિષ્ય પરંપરાનાં ચિરસ્મરણ માટે આપણે **શિક્ષકદિન** ઉજવીએ છીએ. જીવન મૂલ્યવર્ધક સિદ્ધાંતોથી વિદ્યાર્થીઓનું ઘડતર કરનાર ગુરુવર્ય, પ્રાધ્યાપક અને ચિંતક, ઉપરાંત આપણા પૂર્વરાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનને આ શુભ દિવસ સમર્પિત છે આવી ઉજળી પરંપરા સર્વદા કાયમ રહો એ આપણે સહુ ઇચ્છીએ.


ધાર્મિકપર્વ અને તહેવારોનાં પવિત્રમાસમાં, સહુએ યથાશક્તિ, તપ, પ્રભુભક્તિ અને આત્મસાધના સાધી હશે. તપસ્વીઓને હાર્દિક અભિનંદન તથા પર્યુષણ પર્વનાં સાંવત્સરિક ક્ષમાપના અવસરે આપ સહુને મારાં અંતકરણાનાં ખમતખામણાં.

માણસ પાસે વસ્તુઓ વધે છે ત્યારે એને માણવાનો સમય ઘટે છે.
જેના મન ઉપર ગઈકાલનો ભાર નથી તેની આવતી કાલ ભવ્ય હોય છે.

જય જીનેન્દ્ર

હવે આપ વેબ સાઈટ ઉપર ''નિયાંપો'' વાંચી શકો છો જેની વેબસાઈટ નિચે મુજબ છે :

**http://www.asanjokutch.com/kutchhi-pub.asp**



## સંપાદકીય

સંપાદિકા : શ્રીમતિ દર્શના દિનેશ દેઢિયા
સહ સંપાદક : દિનેશ કલ્યાણજી ગોસર

જાણતા કે અજાણતા થયેલી ભૂલો માટે આપ સર્વે મેમ્બર્સ ને મિચ્છામિદુક્કડમ્. પવિત્ર શ્રાવણ મહિનો તથા પર્યુષણ પર્વ નિમિત્તે આપ સર્વેએ યથા શક્તિ ધર્મ આરાધના કરી જ હશે.

મતભેદ તથા અહમના ટકરાવથી મનભેદ ન થાય તેની તકેદારી રાખવી. ગણેશોત્સવ, નવરાત્રી દશેરા, દિવાળી જેવા તહેવારો આપણે ઉમંગ તથા ઉત્સાહ સાથે ઉજવીશું.

જુલાઈ તથા ઓગસ્ટ મહિનાના **નિયાપો** પોસ્ટખાતાની બેદરકારીથી ઘણા મેમ્બર્સ ને મળ્યા નથી. હવેથી સમયસર મળે એ માટેની કાર્યવાહી ચાલુ છે.

નિયાપોને હજી વધારે માહિતીસભર બનાવવા માટે આપ સર્વેનો સાથસહકાર આવકાર્ય છે. આપની કૃતિઓ સારા અક્ષરે પાનાની એક બાજુ વધારેમાં વધારે ૨૫૦ શબ્દોમાં લખી મોકલશો. આપની કૃતિઓ મહિનાની ૨૫ તારીખ સુધી મળે તેવું કરશો.

આપનો વેપાર ધંધો તથા અન્ય પ્રવૃતિઓની જાહેરાત **નિયાપો** બહુજ ઓછા દરે સમાજના દરેક મેમ્બર પરિવાર તથા અન્ય સંસ્થાઓને પહોંચાડે છે. જરૂરથી લાભ લેવા વિનંતી.



## મંત્રીશ્રીનો અહેવાલ

અમૃતલાલ ભાણજી નિશર

પર્યુષણ પર્વ પૂર્ણ થવાને આરે છે. ક્ષમા-યાચનાનો અમૂલ્ય અવસર સહુને પ્રાપ્ત થયો છે. નાના-મોટા વેર-ઝેર ભૂલી જઈ, મન-હ્રદય હળવા કરી કર્મ-બંધનથી મુક્તિ મેળવી વાતાવરણને શુધ્ધ અને પ્રફુલ્લીત બનાવીએ. શક્તિ અનુસાર ધર્મ-આરાધના અને તપ-જપ સહુએ કર્યાજ હશે.

સહર્ષ જણાવવાનું કે આપણું નવું બંધારણ તા. ૧૯ જુન ૨૦૧૧ ની અસાધારણ સામાન્ય સભામાં સર્વાનુમતે પાસ થયેલ છે, તે મુજબ મંડળના સભ્યપદ માટેની અરજીઓ લેવાનું શરૂ કરવામાં આવેલ છે. ખુબજ ઉત્સાહ પૂર્વક અરજીઓ આવી રહી છે. તા. ૨૦-૮-૨૦૧૧ ની સંયુક્ત સભામાં આ વિષય ઉપર ચર્ચા-વિચારણા કરી દર મહિને ૮ (આઠ) સામાન્ય, ૧ (એક) વિશેષ અને ૧ (એક) અતિ-વિશેષ સભ્યોને સ્વીકારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. એ મુજબ ૨૦-૮-૨૦૧૧ ની સભામાં (અતિ-વિશેષ અરજી ન હોતાં) ૯ (નવ) અરજીઓને મંજુરી આપવામાં આવેલ છે, જેની જાણકારી સભ્યપદ સમિતિનાં અહેવાલમાં આપવામાં આવી છે.

તા. ૧૯-૬-૨૦૧૧ ની સામાન્ય સભામાં દાતા શ્રી ચીમનલાલ ગાલાએ મંડળની ઓફીસનાં ફર્નીચર માટે રૂ. ૭૫,૦૦૦/- નું દાન જાહેર કરેલ, તે મુજબ તા. ૨૦-૮-૨૦૧૧ ની સંયુક્ત સભામાં સર્વ દાતાઓ સાથે એકજ તકતી ઉપર મેઈન-હોલ સામેની લોબીમાં નોટીસ-બોર્ડની પાસે લગાડવાની શર્તે સ્વીકારવાનું નક્કી કરવામાં આવેલ છે. દાતા શ્રી ચીમનલાલ ગાલાનો ખૂબ ખૂબ આભાર. હજી ચાર રૂમનાં ફર્નીચર માટે (એક રૂમનાં રૂ. ૫૧,૦૦૦/-) અને બે ડોરમેટરી (એક રૂમનાં રૂ. ૭૫,૦૦૦/-) માટે દાતાઓને લાભ લેવા વિનંતિ.

**શાંતિવન સમિતિ દ્વારા ''નિવૃત્તિ માં પ્રવૃત્તિ'' નો કાર્યક્રમ સફળ રહ્યો. વડીલોએ વ્યાખ્યાનનો લાભ લીધો.**

શ્રી હંસકુમાર સાયલાને અભિનંદન. શરદ પૂર્ણિમા નાં કાર્યક્રમની તૈયારીઓ ચાલી રહી છે. વિસ્તૃત જાણકારી સંચાલક શ્રી પંકજભાઈ સાવલાએ અન્યત્ર આપેલ છે. ખૂબજ ઉત્સાહ પૂર્વક ભાગ લેવા સહુને વિનંતિ.

અન્ય સમિતિઓનાં સંચાલકો કાર્યક્રમોનાં આયોજન માટેની વિચારણાં કરી રહ્યા છે. સંચાલકોને પોત-પોતાની સમિતિઓનાં અહેવાલ આપવા વિનંતિ.

ક્ષમાપના મિલન તથા સ્વામી વાત્સલ્યની જાણકારી ઓગસ્ટ માસનાં નિયાપો માં આપેલ છે. તે મુજબ તા. ૪-૯-૨૦૧૧ રવિવારે આપણે સહુ મળશું. સ્વામિ વાત્સલ્યનાં દાતા શ્રીમતી લીલાવંતીબેન અમૃતલાલ રવજી ભેદા નો ખૂબ ખૂબ આભાર.

## ઝેનીબેન હેમાંગ મોમાયાનું અનુકરણીય પગલું

જયારે પરિવારમાં કોઇ સભ્યને કિડની સંબંધિત બિમારી આવી પડે છે એને મહિનામાં અંદાજે ૪ થી ૧૨ વખત ડાયાલીસીસ કરાવવું પડે છે. એક વાર ડાયાલીસીસ કરાવવાનો ખર્ચ અંદાજે રૂ.૧૨૦૦ થી રૂ. ૩૦૦૦ સુધી આવે છે. જે પરિવારમાં આ બિમારી આવી જાય છે એવા ઘણાં પરિવારોને આપણે આપણી નજર સમક્ષ દુઃખી થતાં જોયા છે આવા લોકોનું દર્દ દુર કરવા ભગવાન મહાવીર જૈન રિલીફ ફાઉન્ડેશન નામની સંસ્થા કાર્યરત છે. જે ફક્ત રૂ.૩૦૦ની નજીવી રકમ માં બહુજ અધતન મશીન દ્વારા ડાયલીસીસ કરી આપે છે.

શ્રીમતિ ઝેનીબેન હેમાંગ મણીકાંત મોમાયાએ કરેલ અઠ્ઠાઈ તપની ઉજવણીમાં સાંજી-લ્હાણીમાં પૈસા વ્યર્થ ન કરતાં આ સંસ્થામાં સહાયરૂપ થઇ જરૂરીયાત મંદોના આંસુ લુછવાનો નિર્ણય લીધો, એમના આ નિર્ણય ને પરિવારજનોએ ગદ્-ગદ્ થઇ વધાવી લીધો, અને આ સંસ્થાને ડાયલીસીસ મશીન ની પૂરી કિંમત રૂ. પાંચ લાખના દાનની રકમ અર્પણ કરી સમયાનુસાર માનવ ધર્મ બજાવી સમાજમાં પ્રેરણાદાયક દાખલો બેસાડયો છે. આપણે પણ આવી સુકૃત પ્રવૃતિની અનુમોદના કરી ઝેનીબેનનું અનુકરણ કરીએ. એવી ભાવના સાથે...

લિ. અમૃતલાલ ભાણજી નિશર, માનદ્ મંત્રી




FOR ALL YOUR COMPUTER WORK (જા.ખ.)

* SOFTWARE INSTALLATION * TROUBLE SHOOTING * VIRUS CLEANING ETC.
* NEW COMPUTER SALES & PURCHASE * COMPUTERISED HOROSCOPE, KUNDLI MATCH MAKING IN HINDI, GUJRATI, TELUGU & ENGLISH LANGUAGE.

ADVERTISING - DESIGNING - PRINTING - COLOUR PRINTS

CONTACT PARAS RAMESH JAGIRDAR 66680780, 9394603337

Sailesh G. Shah
98499 24416, 92906 00990

Denal Digitals

Gulab Chand Kanji
98490 51039

• DIGITAL PHOTO & VIDEO • DECORATION • D.J. • BEAUTICIAN • MEHANDI

1-5-41/D, Behind Jain Mandir, Chaitanyapuri, Maruthi Nagar, Hyderabad 500060. (A.P.)

E-mail : sailesh_rajesh@yahoo.com

(જા.ખ.)

## પર્યુષણ ઉત્સવ સમિતિ

સંચાલક : મણીકાંત મેઘજી મોમાયા

પ્રતિવર્ષાનુસાર આ વર્ષે પણ પર્યુષણ મહાપર્વ ખૂબજ રૂડી રીતે ઉજવાયા. પાંચમના દિવસે ૧૦૦૦થી વધુ સંખ્યામાં ભાઇ-બહેનોએ સાંવત્સરિક પ્રતિક્રમણ કર્યું. પ્રતિક્રમણ બાદ માતુશ્રી શાંતાબેન હિરજી ગોસર પરિવાર દ્વારા શ્રીફળ, શ્રી બાલાજી રતનલાલ મિઠાઇ ભંડાર તરફથી લાડુ અને શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ તરફથી રૂ. ૧૦ એમ ૩ પ્રભાવનાઓ કરવામાં આવી.

તા. ૪-૯-૨૦૧૧ રવિવારનાં દિવસે સામૂહિક સાંવત્સરિક ક્ષમાપના મિલન તથા તપસ્વી બહુમાન કાર્યક્રમ ખૂબજ હર્ષોલ્લાસભર્યા વાતાવરણમાં યોજાયું. આ પ્રસંગે શ્રી શાંતિનાથ જીનેશ્વરધામ માં ચાતુર્માસાર્થે બિરાજમાન પ.પૂ. સા. શ્રી દિવ્યગુણાશ્રીજી મ.સા. અને પ.પૂ.સા. શ્રી કોટિગુણાશ્રીજી મ.સા. ઉપરાંત શ્રી સ્થાનકવાસી જૈન સંઘ-રામકોટમાં ચાતુર્માસાર્થે બિરાજમાન વ્યસન મુક્તિ અભિયાન ના પ્રણેતા પ.પૂ. શ્રી નરેશમુનિજી મ.સા. ની નિશ્રા પ્રાપ્ત થઇ.

દર વર્ષની જેમ ૮ કે તેથી વધુ ઉપવાસ કરનાર ૪૫ ભાગ્યશાળી તપસ્વીઓનું બહુમાન શ્રી કચ્છી મિત્ર મંડળ દ્વારા કરવામાં આવ્યું. સાંવત્સરિક ક્ષમાપના મિલન પ્રસંગે શ્રી સંઘ સ્વામિવાત્સલ્ય શ્રીમતિ લીલાવંતીબેન અમૃતલાલ રવજી ભેદા પરિવાર તરફથી રાખવામાં આવેલ, જેમા લગભગ ૨૪૦૦ થી વધુ સાધર્મિક ભાઇ-બહેનોએ શ્રી સંઘ જમણનો લાભ લીધેલ. દાતા પરિવારનો ખૂબ-ખૂબ આભાર.

આ સમારંભનું ખાસ આકર્ષણ એ રહ્યું કે શ્રીમતિ ઝેનીબેન હેમાંગ મોમાયાએ પોતાની અઠ્ઠાઇતપ નિમિત્તે સાંજી અને લ્હાણીમાં પૈસા વ્યર્થ ન કરતા સમાજોપયોગી પ્રવૃતિ માં સહાયરૂપ થવાનો નિર્ણય લીધો. જે ખૂબજ સરાહનીય છે. એમણે ભગવાન મહાવીર જૈન રિલીફ ફાઉન્ડેશન દ્વારા ચલાવવામાં આવતી ડાયાલીસીસ ની પ્રવૃતિમાં અનુદાન રૂપે રૂ. પાંચ લાખ ડાયાલીસીસ ના મશીન માટે આપવાની જાહેરાત કરી, એમના તપની અનુમોદના અને સમાજોપયોગી પ્રવૃતિમાં દાનનાં નિર્ણય ને મંડળના સભ્યોએ વધાવી લીધો. એ પછી જોત જોતા માં દાનનો પ્રવાહ વહેતો થયો ફક્ત થોડી મિનિટોમાં અંદાજે રૂ. ૨૭લાખથી વધુ જેવી માતબર રકમ મંડળનાં સભ્ય પરિવારો દ્વારા આ કાર્ય માટે દાનની જાહેરાતો થઇ. શ્રી કચ્છી મિત્ર મંડળ પર્યુષણ ઉત્સવ સમિતિ આ બધા દાતાઓને એમના અમુલ્ય યોગદાન બદલ ખૂબજ અનુમોદના કરી આભાર માને છે.

ભગવાન મહાવીર જૈન રિલીફ ફાઉન્ડેશન ટ્રસ્ટ ના ચેરમેન શ્રી પ્રકાશચંદ શ્રીમાલ, શ્રી અશોક કોઠારી, શ્રી સ્વરૂપચંદ કોઠારી, શ્રી સુરેશ સુરાણા તથા અન્ય જૈન સંસ્થાઓના પ્રતિનિધીઓ એ આ સમારંભમાં વિશેષ હાજર રહ્યા એ બદલ એમનો ખૂબ ખૂબ આભાર.

**જીવનમાં રક્ત દાન – મૃત્યુ પછી નેત્ર દાન**




FOR ALL YOUR COMPUTER WORK
- SOFTWARE INSTALLATION
- TROUBLE SHOOTING
- VIRUS CLEANING ETC.
- NEW COMPUTER SALES & PURCHASE

**Contact : DEVESH - 94407 23277**

(જા.ખ.)

શ્રી કચ્છી મિત્ર મંડળ પર્યુષણ ઉત્સવ સમિતિ આયોજીત ક્ષમાપના મિલનમાં ભગવાન મહાવીર જૈન રિલીફ ફાઉન્ડેશન ટ્રસ્ટ માટે જાહેર થયેલ દાન નાં દાતાઓ ની નામાવલીઃ

## ડાયાલીસીસ મશીન ના દાતા (દાનની રકમ રૂ. ૫ લાખ)

| | |
|---|---|
| શ્રી મણીકાંત મેઘજી મોમાયા (ગૌરવ કેટરર્સ) | શ્રી શિવજી વીરજી ધરોડ (દીપક ટ્રાન્સપોર્ટ) |

## ડાયાલીસીસ આજીવન તિથી ના દાતા (દાનની રકમ રૂ. ૧,૫૧,૦૦૦)

| | |
|---|---|
| શ્રી અમૃતલાલ રવજી ભેદા | માતુશ્રી મેઘબાઇ વાલજી મારૂ |
| શ્રી તારાચંદ વાલજી મારૂ | માતુશ્રી રૂક્ષ્મણીબેન હીરજી નિશર |
| શ્રીમતિ સુશીલાબેન હરીલાલ નિશર | શ્રી તારાચંદ હીરજી ગોસર (શાંતી સિલેક્શન) |
| શ્રી મગનલાલ કાનજી ધરોડ | માતુશ્રી ગુલાબબેન કસ્તુરચંદ ખંડોર |

## ડાયાલીસીસ એક દિવસ ના દાતા (દાનની રકમ રૂ. ૨૧,૦૦૦)

| | |
|---|---|
| શ્રીમતિ કિર્તી વિનીત હેણિયા | શ્રી નાનજી ખીમજી ગાલા |
| શ્રી માવજી ખીમજી ગાલા | શ્રીમતિ લક્ષ્મીબેન માવજી ગાલા |
| શ્રી જેઠાલાલ ધનજી પાસડ | શ્રી જયચંદ હેમરાજ પુનશી મૈશેરી |
| માતુશ્રી પ્રભાબેન જયચંદ બોરીચા | શ્રી ચીમનલાલ લાલજી ગાલા |
| શ્રી વસનજી મેઘજી હરિયા | શ્રીમતિ જયાબેન મગનલાલ મારૂ |
| શ્રીમતિ કુસુમબેન ચંદ્રકાંત દેઢિયા | શ્રીમતિ યશવંતીબેન તારાચંદ હેણિયા |
| શ્રી પ્રાગજી ખીમજી પેથાણી (ચેન્નઇ) | શ્રીમતિ નમ્રતા રાજીવ મામણિયા |
| શ્રી અમૃતલાલ ભાણજી નિશર | શ્રી હરખચંદ રામજી દેઢિયા |
| શ્રીમતિ લક્ષ્મીબેન મોહનલાલ ગાલા | શ્રીમતિ મિનાક્ષી મોનીક ધરમશી |
| શ્રીમતિ નિર્મલાબેન વલ્લભજી દેઢિયા | શ્રી સખી મિલન મંડળ |
| મે. પૉપકોર્ન એન્ટરટેનર્સ | શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદરાબાદ (સિટી) |

સખી ત્રિપુટી (કાંતાબેન પ્રફુલ દંડ, ગીતાબેન હંસકુમાર સાયલા, રશ્મિબેન રાજેશ લોડાયા)

## એક ડાયાલીસીસ ના દાતા (દાનની રકમ રૂ. ૫૦૦)

| | | | |
|---|---|---|---|
| ૩ | શ્રીમતી હિના હિતેન સંગોઇ | ૨ | શ્રી હિતેશ ખીમજી પાસડ |
| ૧ | શ્રી કુનાલ પંકજ નંદુ | ૧ | શ્રી હીરેન મુલજી પટેલ |
| ૧ | શ્રી નવીન શામજી ભેદા | ૧ | શ્રી અદીત ભાવેશ ગાલા |
| ૧ | શ્રી અક્ષય ભાવેશ ગાલા | ૧ | શ્રીમતિ સાકરબેન ઉમરશી વોરા |
| ૧ | શ્રી તારાચંદ મણિલાલ ધરોડ | ૧ | શ્રી ભરત સાવલા |
| ૧ | મે. ગોલ્ડન એન્ટરપ્રાઇજેસ (પ્રવિણ કારાણી) | ૧ | શ્રી કુનાલ-તેજસ-મૌલીકા-વિશાલ |
| ૧ | શ્રી કમલ-ઉમેશ-ભાવેશ-વિલેશ-હર્ષદ | ૧ | શ્રી ભૌમિક ગડા |
| ૧ | શ્રી રમેશ ધરમશી વોરા | ૧ | શ્રી મોનિલ રાજેશ શેઠ |
| ૧ | શ્રીમતી ઉર્વી હરેશ દેઢિયા | ૧ | શ્રી કેતન ખેતશી દેઢિયા |
| ૧ | શ્રી જયેશ મારૂ | ૧ | શ્રીમતિ સુશીલાબેન વિરચંદ વિકમશી |
| ૧ | શ્રીમતિ દેવીકાબેન મગનલાલ ગાલા | ૧ | શ્રી ધીરેન વિલાસ ગાલા |
| ૧ | જશ્મિન લલીત ગડા | ૧ | માતુશ્રી હાંસબાઇ રતનશી ગોસર |
| ૧ | શ્રીમતિ ચારૂબેન શૈલેશ શાહ | ૧ | શ્રી કાંતિલાલ મુલજી ગડા (મુંબઇ) |

# શિક્ષણ સમિતિ

સંચાલક : દિર્ગેશ હીરજી નિશર

I would like to Hearty Congratulate the meritorious students of our Samaj for the excellent performance for the Academic year 2010-2011. The list of the Students in Various faculties is as under.

**Shri Kutchi Mitra Mandal List of Meritorious Students for 2010-2011**

| S.NO. | NAME OF THE STUNDENT | VILLAGE | % SECURED | COURSE |
|---|---|---|---|---|
| | **X Standard** | | | |
| 1) | Bhavika Dilip Kumar Dama | Naliya | 92.4 | ICSE |
| 2) | Vaibhav Sanjay Lalka | Varapadhar | 91.3 | SSC |
| 3) | Karan Darshan Shah | Anjar | 91.2 | CBSC |
| 4) | Rajul Pravin Lodaya | Naliya | 91 | SSC |
| 5) | Pooja AMit Gogri | Patri | 88 | ICSE |
| 6) | Priya Kamlesh Mahajani | Mandavi | 88 | SSC |
| 7) | Pooja Nitin Satra | Gundala | 86 | SSC |
| 8) | Drishti Atul Nagda | Varandi | 84.5 | SSC |
| 9) | Kamal Deepak Saiya | Layaja | 80 | SSC |
| 10) | Chintal Kiran Sanghavi | Mundara | 77.2 | SSC |
| 11) | Yash Chandrakant Gala | Dumra | 76 | SSC |
| 12) | Divya Nitin Chandra Gala | Chiasar | 75.3 | SSC |
| 13) | Ridhi Tushar Taunk | Kukma | 75 | CBSE |
| 14) | Ankit Nitin Vora | Navinar | 75 | ICSE |
| | **Inter II Year / XII (Science)** | | | |
| 1) | Twinkle Ajit Gala | Deshalpur | 93.6 | Intermediate |
| 2) | Neerav Tushar Savla | Samagoga | 93 | Intermediate |
| 3) | Keval Shantilal Gala | Chiasar | 90.8 | Intermediate |
| 4) | Vaibhav Harshad Mehta | Mundra | 90.6 | Intermediate |
| 5) | Deep Nilesh Chheda | Luni | 84.6 | Intermediate |
| 6) | Akash Mukesh Lapasiya | Daltungi | 80.5 | Intermediate |
| | **Inter II Year / XII (Science)** | | | |
| 1) | Vansh Hasmukh Gala | Dumra | 92.5 | Intermediate |
| 2) | Saurabh Nitin Haria | Sherdi | 92.2 | Intermediate |
| 3) | Sheetal Heeralal Gala | Dumra | 89.5 | Intermediate |
| 4) | Aditi Dharmesh Mota | Varapadhar | 88.4 | Intermediate |
| 5) | Mansa Navinchandra Nagda | Bhojay | 88.4 | Intermediate |
| 6) | Khushboo Bharat Shah | Anjar | 88.1 | Intermediate |
| 7) | Akash Vilesh Gala | Moti Khakar | 87.9 | Intermediate |
| 8) | Roshini Praveen Lodaya | Naliya | 87.3 | Intermediate |
| 9) | Disha Shreyas Shah | Mundra | 86.1 | Intermediate |
| 10) | Poojan Paresh Saiya | Beraja | 83.4 | Intermediate |
| 11) | Jinal Mahesh Shah | Patri | 83 | ISC (12th) |
| 12) | Ushama Naresh Shah | Samakhiyari | 80.5 | Intermediate |

| S.NO. | NAME OF THE STUNDENT | VILLAGE | % SECURED | COURSE |
|---|---|---|---|---|
| | **Graduation (Commerce)** | | | |
| 1) | Gaurav Kirti Gala | Lakhapur | 89.1 | B.Com |
| 2) | Tvisha Atul Gala | Godhra | 84.1 | B.Com |
| 3) | Yogesh Hirachand Maisheri | Bandhia | 82.3 | B.Com |
| 4) | Henal Pankaj Savla | Navavas | 79.3 | B.Com |
| 5) | Dhiren Kushalchand Haria | Sabhrai | 70.5 | B.Com |
| 6) | Jinal Jitendra Lodaya | Naliya | 70.1 | B.Com |
| | **Graduation (Scinece)** | | | |
| 1) | Deepti Kulin Soni | Vanku | 83 | B.Sc (Electronics) |
| | **Engineering - B.Tech** | | | |
| 1) | Vaishali Praful Dand | Parjau | 75.1 | B.Tech |
| 2) | Khusboo Dinesh Chavda | Chandia | 74.9 | B.Tech |
| 3) | Shreyans Jayesh Mehta | Mundra | 74 | B.Tech |
| 4) | Sonal Amrutlal Gala | Dumra | 73.61 | B.Tech |
| | **Post Graduation (Commerce)** | | | |
| 1) | Richa Vilas Gala | Chiasar | 53 | CA |
| 2) | Dikshika Pawaj Bhansari | Anjar | 84.22 | MBA |
| 3) | Nisha Dinesh Gala | Desalpur | 70 | MBA |
| 4) | Viren Vallabhji Savla | Beraja | | MBA |
| 5) | Gunjan Manoj Nagda | Varandi | | MBA |
| 6) | Vishal Bharat Mehta | | | MBA |
| 7) | Komal Bharat Mehta | | | MBA |
| | **Post Graduation (Scinece)** | | | |
| 1) | Kapil Mahesh Mota | Varapadhar | | Ph.D. (Animal & Life Science) |
| 2) | Sambhav Kirti Kumar Vora | Patri | | Master of Dental Surgery |
| 3) | Jitesh Amrutlal Gala | Dumra | | M.Tech |

The above students need a true recognition and honour. The students shall be honoured by presenting them Gold Medals and Silver Medals on 25th September, 2011 at Kutchi Bhavan at 6 p.m. Please be present in large numbers to encourage the students.

**The Donors for Gold and Silver Medals : We have a special Kutchi Mitra Mandal Gold Medal for the professional Course and around 45-50 Sliver Medals to be presented. We welcome donors for these Medals. You are requested to contact us for the donations.**

*Sri Kanakeswari Krupa*

**POOJARI NARESH KUMAR BHATT**

(KHAMBHAT WALA)

❖ Expert in ❖

**Laxmi Pooja, Satyanarayana Pooja, Hawan, Pitrukarya, Shantihom & All other Pooja**

**Cell : 92914 53124, 88976 64025**

(જા.ખ.)



# મનોરંજન સમિતિ

સંચાલક : પંકજ હીરજી સાવલા
ફોન : ૯૮૪૯૭ ૪૭૬૨૫

## મનોરંજન સમિતિ પ્રસ્તુત શરદોત્સવ— ૨૦૧૧

**રવિવાર ૯-૧૦-૨૦૧૧, સાંજના ૭.૦૦ કલાકે થી, શ્રી હનુમાન વ્યાયામ શાળા.**

પ્રતિવર્ષાનુસાર આપણે સૌ સાથે મળી **રાસગરબા** ના થનગનાટ સાથે ઉજવીશુ **શરદ પૂર્ણિમા** જેમાં સહ પરિવાર ભાગ લઈ કાર્યક્રમ ને સફળ બનાવવા આપસૌને આમંત્રણ છે.

વિવિધ હરીફાઈઓ ની વિગત

૧) આરતી સજાવટ (Aarti Decoration) : આરતી ની થાળી પારંપરિક રીતે ઘરે થી સજાવીને સ્થળ ઉપર સાંજે ૭.૦૦ વાગ્યા સુધી લાવવાની રહશે.

૨) તોરણ સજાવટ (Toran Decoration) : પારંપરિક તોરણ ઘરેથી બનાવી સ્થળ ઉપર સાંજે ૭.૦૦ વાગ્યા સુધી લાવવાનું રહેશે. તોરણ **નાડાછડી** થી બનાવવાનું રહેશે. સાથે બીજી સામગ્રી વાપરી શકો છો.

3) ગરબો સજાવટ (Garba Decoration) : ગરબો પારંપરિક રીતે ઘરેથી સજાવીને સ્થળ ઉપર સાંજના ૭.૦૦ વાગ્યા સુધી લાવવાનો રહેશે.

દાંડીયા ગરબા અને વેશભુષા હરીફાઈઓ :

| | | | |
|---|---|---|---|
| Group A | : | 7 Yrs. & Below | Boy's & Girls |
| Group B | : | 8 Yrs. to 12 Yrs. | Boy's & Girls |
| Group C | : | 13 Yrs. to 18 Yrs. | Boy's & Girls |
| Group D | : | 19 Yrs. to 35 Yrs. | Gents & Ladies |
| Group E | : | 35 Yrs and Above | Gents & Ladies |

ફેમીલી વેશભુષા હરીફાઈ (Family Dressing Competition) : હરીફાઈમાં એકજ પરિવારના સભ્યો ભાગ લઈ શકશે, પારંપરિક વેશભુષાને પ્રાધાન્ય આપવામાં આવશે. (દાદા-દાદી, મમ્મી-પાપા, બાળકો ને વિશેષ આમંત્રણ)

કપલ દાંડીયા હરીફાઈ (Couple Dandia Competition) : હરીફાઈમાં ફક્ત મેરીડ કપલ ભાગ લઈ શકશે. પ્રતિયોગીતામાં ફક્ત પાંરપરિક વેષભુષાને પ્રાધાન્ય આપવામાં આવશે.

વિશેષ આકર્ષણ (Special Attraction) : રાસ ગરબા અને સનેડો ની થનગનાટ અને સંગીતના તાલે આપ સૌને ઝુમતા કરો મુકશે અમદાવાદ થી પધારનાર **હાર્મોની મ્યુઝીકલગ્રુપ**.

**દાંડીયા ગરબા અને વેશભુષા હરીફાઈઓ માં ભાગ લેવા એન્ટ્રીકાર્ડ સ્થળ ઉપર સાંજના ૭.૦૦ વાગ્યા થી આપવામા આવશે. આરતી, તોરણ, ગરબો સજાવટ, ફેમીલી વેશભુષા અને કપલ દાંડીયા હરીફાઈઓ ની એન્ટ્રી નીચે જણાવેલ નામ ઉપર તારીખ ૬-૧૦-૨૦૧૧ સુધી નોંધાવવી જરૂરી છે.**

| | | | |
|---|---|---|---|
| મહેન્દ્ર વોરા | હરેશ દેઢિયા | લહેરચંદ લોડાયા | સમીર વોરા |
| ૯૨૪૬૧ ૮૫૬૩૧ | ૯૨૪૬૧ ૯૪૪૦૫ | ૯૨૪૬૫ ૩૧૦૬૬ | ૯૪૪૦૪ ૧૪૧૨૨ |

## માનવ મિત્ર સમિતિ

સંચાલક : હરિલાલ ભીમશી સાવલા
પંકજ વલ્લભજી સાવલા

પર્યુષણ પર્વ બહુજ રૂડી રીતે ઉજવાયા. સૌ સભ્યો પરિવારને માનવમિત્ર સમિતિ ના સભ્યો તરફથી અંતઃકરણ પૂર્વક **મિચ્છામી દુક્કડમ** સ્વીકારશો.

વિશેષમાં જણાવવાનું કે છુટાછેડા ના દુષ્પરિણામો અને તેનાથી બાળકો ઉપર થતી અસર પર આધારિત અત્યંત હૃદયસ્પર્શી **હિન્દી ફિલ્મ - ''પાપા તુમ કહાઁ હો''** નું આયોજન કરવાનો નિર્ણય લીધેલ છે. સ્થળ તેમજ દિવસ—તારીખ નક્કી થતાં આપ સૌને નિયાપો દ્વારા જણાવવામાં આવશે.

**વ્યસન મૂક્તિ માટે દાન**

| | | |
|---|---|---|
| રૂ. | ૫૦૦૦/- | શ્રીમતિ ચંદ્રાબેન હરિલાલ સાવલા |

**આશ્રમ માટે દાન**

| | | |
|---|---|---|
| રૂ. | ૧૧૧૧/- | સ્વ. ચુનિલાલ સંગોઇ ની પુણ્યતીથી નિમીતે હઃ શ્રીમતી ભાનુબેન સંગોઇ |
| રૂ. | ૧૧૦૦/- | સ્વ. હંસરાજ કાનજી નાગડા હઃ શ્રી મનોજ નાગડા |
| રૂ. | ૧૦૦૦/- | ચી. મીત ધરોડ હઃ ગૌરવ નેમજી ધરોડ |
| રૂ. | ૫૦૧/- | સ્વ. શાંતાબેન શાંતિલાલ ગાલા ની પુણ્યતિથી નિમીત્તે |

**ગૌશાળા માટે દાન**

| | | |
|---|---|---|
| રૂ. | ૧૧,૧૧૧/- | શ્રીમતિ પ્રભાબેન જયચંદ બોરીચા તરફથી |
| રૂ. | ૧૧૦૦/- | સ્વ. હંસરાજ કાનજી નાગડા હઃ મનોજ નાગડા |
| રૂ. | ૧૦૦૦/- | શ્રી નેમજી કાનજી ધરોડ (પૂ. પિતાશ્રી ની પુણ્યતિથી નિમીતે) |
| રૂ. | ૧૧૦૧/- | ચી. તૃપ્તી કિરણ સંઘોઈ અઠાઈ (૮ ઉપવાસ) નિમીતે |
| રૂ. | ૫૦૦/- | સ્વ. સંદરજી કુંવરજી નાગડા ના સ્મરણાર્થે |
| રૂ. | ૫૦૧/- | સ્વ. શાંતાબેન શાંતિલાલ ગાલા ની પુણ્યતિથી નિમીતે |

**હોસ્પીટલ માટે દાન**

| | | |
|---|---|---|
| રૂ. | ૧૧૦૦/- | સ્વ. હંસરાજ કાનજી નાગડા હઃ મનોજ નાગડા |

**ડાયાલીસીસ માટે દાન (એક વ્યક્તિને ડાયાલીસીસ નો એક વખતનો ખર્ચ રૂ. ૫૦૦/-)**

| | | |
|---|---|---|
| ૨ | ડાયાલીસીસ | શ્રીમતી જયવંતી નેમજી કાનજી ધરોડ તરફથી માતુશ્રી ની પુણ્યતિથી નિમીત્તે |
| ૧ | ડાયાલીસીસ | સ્વ. શાંતાબેન શાંતિલાલ ગાલા ની પુણ્યતિથી નિમીતે |

**રક્તદાન :** આપણા એક સભ્યની શસ્ત્રક્રિયા વખતે ૧) શ્રી હિતેશ પ્રવીણ કારાણી ૨) શ્રી મહેન્દ્ર ભવાનજી હેણિયા. ઉપરોક્ત રક્તદાતાઓને ખુબ ખુબ અભિનંદન.

**મૂઠીભર અનાજ યોજના :** માસ જુલાઈના કુલ્લ ચોખા ૨૫૦ કિલો, દાળ ૪૦ કિલો પ્રાપ્ત થયેલ છે. જેનું વિવિધ આશ્રમોમાં વિતરણ કરવામાં આવેલ છે.

**અવસાન નોંધ :** ૧) સ્વ. જયાબેન શશિકાન્ત કોરાણી - ઉ.વ. ૫૭, ગામ રતાડીયા, ગણેશવાલા-અંતિમક્રિયા માટે માનવમિત્ર સહાયરૂપ થયા હતા. ૨) સ્વ. સાકરબાઇ ડુંગરશી મારૂ - ગામ ગોધરા, અંતિમક્રિયા પ્રાર્થના માટે માનવમિત્ર સહાયરૂપ થયા હતા. ૩) સ્વ. સુંદરજી કુંવરજી નાગડા - ઉ.વ. ૮૪, ગામ ભોજાય ચક્ષુદાન - અંતિમક્રિયા - પ્રાર્થના માટે માનવમિત્ર સહાયરૂપ થયા હતા.

**સુધારો :** અવસાન નોંધમાં નામ ભૂલથી લખાયું હતું તે સુધારીને વાંચવું. સ્વ. કેસરબેન રવજી દેઢિયા, ગામ ભુજપુર.

## માવજત સમિતિ

સંચાલક : કીર્તિ ટોકરશી કાપડિયા

શ્રી કચ્છી મિત્ર મંડળ શ્રી ડુંગરશી રવજી મારૂ ચેરિટેબલ ટ્રસ્ટ અને લાયન્સ ક્લબ ઓફ હૈદરાબાદ ઈસ્ટ સંયુક્ત રીતે આયોજન કરે છે. **હેલ્થ ચેકઅપ કેમ્પ** (સ્વાસ્થ્ય પરિક્ષણ શિબિર) રવિવાર, તા. ૨૫-૯-૨૦૧૧ સવારના ૮.૩૦ કલાક થી, શ્રી કચ્છી ભવન રામકોટ, હૈદરાબાદ.

રજીસ્ટ્રેશન : તા. ૧૯-૯-૨૦૧૧ સવારના ૯.૦૦ થી બપોરના ૨.૦૦ વાગ્યા સુધી કચ્છી ભવનમાં વહેલો તે પહેલોના ધોરણે ફક્ત ૧૫૦ વ્યક્તિઓના રજીસ્ટ્રેશન થશે. ફી - રૂ. ૧૦/- એક ઈન્વેસ્ટીગેશન (તપાસ) દીઠ થશે.

૧) ઓર્થોપેડીક : ડૉ. સંજય તાપડિયા (DNB MCH) મેડીસીટી હોસ્પીટલ, સેક્રેટેરીએટ રોડ(ફક્ત પહેલેથી તકલીફવાળા માટેજ) રિપોર્ટ લઈ આવવા. ૨) ફીઝીશીયન અને ડાયા બેટોલોજીસ્ટ : ડૉ. પાર્થ પટેલ (DNB) મેડીસીટી હોસ્પીટલ, સેક્રેટેરીએટ રોડ. ૩) કાર્ડિયોલોજીસ્ટ : ડૉ. વિપુલ શેઠ (M.D. DNB Cardio) મેડીસીટી હોસ્પીટલ, સેક્રેટેરીએટ રોડ. ૪) આંખોની ચેકીંગ (તપાસ) : ડૉ. વર્ષા તાપડીયા (MS. Optho.), ડૉ. રિષિ સ્વરૂપ (M.S. Optho.) સ્વરૂપ આઈ સેન્ટર, ચિરાગઅલી લેન. ૫) દાંતનું ચેકીંગ (તપાસ) : ડૉ. પવન બલદેવ, (MDS) ડૉ. દિપ્તી બલદેવા (MDS) , સ્માઈલ ક્રાફ્ટ મલ્ટી સ્પેશીઆલીટી ડેન્ટલ ક્લીનીક, હિમાયત નગર. ૬) હાડકાની ડેન્સીટી : મેડીસીટી હોસ્પિટલ.

જરૂરત મુજબ સુગરટેસ્ટ, ECG, દાંત કાઢવા, દાંતની ફીલીંગ વગેરે કેમ્પમાંજ કરવામાં આવશે.

| | | |
|---|---|---|
| **શ્રી કચ્છી મિત્ર મંડળ** | **ડુંગરશી મારૂ ચેરીટેબલ ટ્રસ્ટ** | **લાયન ક્લબ ઓફ હૈદરાબાદ ઈસ્ટ.** |
| પ્રમુખ-શ્રી ધનજીભાઈ સાવલા | મે. ટ્રસ્ટી-શ્રી ધનજીભાઈ સાવલા | પ્રમુખ-લાયન સીતારાવ |
| મંત્રી-શ્રી અમૃતલાલભાઈ નિશર | જો.મે. ટ્રસ્ટી-શ્રી દેવચંદભાઈ ગાલા | મંત્રી-લાયન ડૉ. પવન બલદેવા |
| સંચાલક-શ્રી કીર્તિભાઈ કાપડિયા | | |

## શાંતિવન સમિતિ

સંચાલક : હંસકુમાર સાયલા
સહ સંચાલક : દામજી માવજી સાવલા

### *બુલા લો મુઝે ચાહે જીસ વક્ત....*

યોજનાબધ્ધ નિવૃત્તિ, પૂરતી બચત જરૂરતોને મર્યાદિત કરી ધર્મ આરાધના, માનવ સેવા, હલકો વ્યાયામ, યોગા, વાચન એવી સ્વકેન્દ્રીત પ્રવૃત્તિઓનો આગ્રહ રવિવાર દિ. ૨૧-૮-૨૦૧૧ ના **''નિવૃત્તિ ની પ્રવૃત્તિ''** બાબત માર્ગદર્શનમાં વક્તા શ્રીમતિ નિશાબેન નિતીન ધરોડ તથા વિનોદભાઈ ધરોડે આગ્રહ રાખેલ ચર્ચા માં શ્રી હર્ષદભાઈ ધરોડ, શ્રી અશોક ગાલા, મેનેજીંગ ટ્રસ્ટી શ્રી હરીલાલભાઈ સાવલા તથા માનદ્ મંત્રી શ્રી અમૃતલાલ ભાઈ નિશરે ભાગ લઈ કાર્યક્રમને રસપ્રદ બનાવેલ. કાર્યક્રમનું સંચાલન શ્રીમતિ રશ્મીબેન રાજેશ લોડાયાએ ખુબીથી કરી એક અનેરી છાપ હાજર રહેલા સભાસદો માં નિર્માણ કરેલ શ્રીમતી દર્શનાબેન દિનેશ દેઢિયા એ આભારવિધીની જવાબદારી પાર પાડેલ અલ્પાહાર નો આસ્વાદ લઈ સૌ છુટા પડયા. આગામી કાર્યક્રમમાં રવિવાર ૩૦ ઓક્ટોબર ૨૦૧૧ ના **સીનીયર સીટીઝનનો દિવાળી મિલન** વિચારાધીન છે. જેની વિગત નિયાંપોના ઓક્ટોબર ૨૦૧૧ ના અંકમાં પ્રકાશિત કરવામાં આવશે.

## સભ્યપદ સમિતિ

સંચાલક : મનીષ મગનલાલ સાવલા,
સહસંચાલકોઃ લહેરચંદ લોડાયા, હરેશ હેમરાજ દેઢિયા

સહર્ષ જણાવવાનું કે મંડળ ની ઓગસ્ટ માસ ની કારોબારી સમિતિ ની સભામાં નિમ્ન લિખિત વ્યક્તિઓની આજીવન સભ્યપદ ની અરજીઓને મંજુર કરવામાં આવેલ છે.

| | | | |
|---|---|---|---|
| ૧) | અવનિ ધવલ વોરા | નવીનાર | A/1001/08/11 |
| ૨) | હેમાંગી હેમલ દેઢીયા | ગેલડા | H/1001/08/11 |
| ૩) | હેમલ ભરત દેઢીયા | ગેલડા | H/1002/08/11 |
| ૪) | કિંજલ પંકજ સાવલા | બેરાજા | K/1001/08/11 |
| ૫) | કમલેશ જવેરચંદ દંડ | સુથરી | K/1002/08/11 |
| ૬) | સોહીન વલભજી સાવલા | બેરાજા | S/1002/08/11 |
| ૭) | અલ્પા અમિત સાવલા | સાડાઉ | A/1002/08/11 |
| ૮) | દીપા નયન સાવલા | સાડાઉ | D/1001/08/11 |
| ૯) | ધૈર્ય જયેશ મામણીયા | બેરાજા | D/1002/08/11 |

ઉપરોક્ત સર્વે સભ્યો ને હાર્દિક અભિનંદન

## સમાજ દર્પણ

### પુત્ર જન્મ

ધારા હિરલ વિજય મારૂ — ગોધરા

### પુત્રી જન્મ

નિધિ ગૌરવ મહેન્દ્ર ગડા — મોટા આસંબિયા

### સરનામામાં ફેરફાર

૧) પ્રશાંત કુંવરજી દંડ, ૨-૪-૧૧૦૬, ૨જે માળે, લાલબંગલા ની પાસે, નિંબોલીઅડ્ડા, કાચીગુડા, હૈદરાબાદ-૫૦૦૦૨૭. ફોન. ૯૯૫૧૩૭૯૫૯૫

### અવસાન નોંધ

| | | |
|---|---|---|
| જયાબેન શશિકાંત કોરાણી | રતાડીયા ગણેશવાલા | ઉ.વ.૫૭ |
| સાકરબેન ડુંગરશી રવજી મારૂ | ગોધરા | ઉ.વ. ૯૪ |
| સુંદરજી કુંવરજી નાગડા | ભોજાય | ઉ.વ. ૮૪ |

*Jai Jinendra*

**Nagpur's "Gautam" Brand Sonpapdi prepared with Original Pista and Elaichi.**

**Available at Wholesale Rates & Attractive Box Packing.**

for Orders & Enquiry Kindly Contact : **M.J. MEHTA**
Cell : 86884 30060, 93485 22288, 040-2755 2607

# વિવિધા

## મહાન ગ્રીક ફિલ્સૂફ સોક્રેટીસે પ્રસ્થાપિત કરેલા ત્રણ ગળણા (Filters)

પ્રાચીન ગ્રીસ દેશમાં, મહાન ફિલ્સૂફ સોક્રેટીસનું નામ બહુજ આદર પૂર્વક લેવાતું, તે જ્ઞાન અને શાણપણનો ભંડાર ગણાતો. તેના ઘણા શીષ્યો હતા. તેના જીવનનો એક યાદગાર પ્રસંગ જે આજે પણ એટલોજ સાર્થક ગણાય તે અત્રે પ્રસ્તુત છે.

એક વખત સોક્રેટીસના એક પ્રશંસ કે તેની પાસે આવીને કહ્યું કે તમારા એક જુના મિત્ર માટે તમને કાંઇક કહેવું છે. તે વધુ કાંઇ બોલે - કહે તે પહેલાજ સોક્રેટીસે તેને અટકાવીને કહ્યું કે તારે જે કહેવું છે તેને ત્રણ ગળણાથી ચકાસવું પડશે. તું જે કહેવાનો છે તેની સચ્ચાઇ સત્યતાની તેં ખાત્રી કરી છે ? ઉત્સાહી પ્રશંસકે કહ્યુ કે ના મેં એવી કોઇ તપાસ કરી નથી. (ગળણું - ૧ સચ્ચાઈ)

સોક્રટીસે કહ્યું વાંધો નહી આપણે તેને બીજા ગળણા દ્વારા તેને ચકાસીએ. તું મારા મિત્ર બાબત કાંઇ સારૂં શુભ કહેવાનો છો ? એ ભાઇએ કબુલ્યું કે મારે જે કહેવું છે તેને સારૂં તો ન કહી શકાય. (ગળણું - ૨ શુભ)

સોક્રેટીસે જરાય અકળાયા વગર કહ્યું વાંધો નહી હજી એક ત્રીજું ગળણુ છે. તું મને મારા જુના મિત્ર વિષે જે કહેવાનો છે તે સત્ય નથી અને શુભ પણ નથી તો હવે તું મને કહે કે તું જે કહેવાનો છે તે મને કોઇ રીતે ઉપયોગી થાય. મદદરૂપ થાય તેમ છે ? ઉત્સાહી પ્રશંસકે અચકાતા અચકાતાં કબુલ્યુ કે ના તેવું લાગતું તો નથી. (ગળણું - ૩ ઉપયોગી)

એટલે સોક્રેટીસે ઉત્સાહી પ્રશંસકને કહ્યું કે તું મને જે કહેવા ઇચ્છ તો હતો તે સત્યનથી, સારૂનથી અને મને ઉપયોગી થાય તેવું પણ નથી તો પછી તે મને કહેવાની જરૂરજ કયાં છે ? ગ્રીક ફિલ્સૂફ સોક્રેટીસના ત્રણ ગળણા (Filters) આજે પણ વર્તમાનમાં પણ સાર્થક છે !

સંકલન : **લાહિરી શાહ**

## જૈન ધર્મ નો આભુષણ ક્ષમાપના

હમણાં જ પર્યુષણ પર્વ ગયા એટલે આજે વાત કરીશું ક્ષમાપના ની ક્ષમા એવી છે જે ગરીબ તવંગર નાના મોટા સ્ત્રી પુરૂષ કોઇ પણ જાત ના ભેદભાવ વિના બધાજ એક બીજા ને આપી શકે છે અહીં ફક્ત આપવા ની વાત નથી માંગી પણ શકે છે. ક્ષમા નો ભંડાર અખૂટ છે. એને જૈન ધર્મ નો અલંકાર અમસ્તો નથી કહ્યો. ભલે આપણે જૈન ના કોઇ પણ સંપ્રદાયમાં માનતા હોઇએ એના પાયામાં તો ક્ષમાપના છે જ.

જ્યારથી સમજણા થયા છીએ ત્યારથી વર્ષોવર્ષ ક્ષમાપના વિષે સાંભળીએ છીએ વાંચીએ છીએ. શ્રાવકો ના વાર્ષિક કર્તવ્યો માં ક્ષમા ને મહત્વ નું સ્થાન છે, છતાં ખરા અંતરપૂર્વક ક્ષમા આપવામાં ને માંગવામાં આપણે હજુ ઉણા ઉતરીએ છીએ. કરેલી ભૂલો ને સ્વીકારવા મન તૈયાર જ નથી. ''આમા મારો કોઇ દોષ જ નથી હુ માફી શા માટે માંગું ?'' આવા મિથ્યા અભિમાન ના કારણે પાછા આપણે હતા ત્યાં ને ત્યાં.વળી કોઇ ને માફ કરવામાં પણ અહમ્ નડે છે. ''હું શા માટે સામે થી માફ કરૂં ? એને ભૂલ સમજાશે તો સામે થી આવી ને માફી માંગે, હુ તો ઉમરમાં ને સામાજીક દરજ્જામાં એનાથી મોટો અથવા મોટી છું સતત મન માં આવા ભાવ થયા કરે છે.

વળી ઘણીવાર લોક દેખતાં ક્ષમા આપીએ અથવા માંગીએ છીએ, પણ મનમાં એના પ્રત્યે ક્રોધ અને કષાય તો યથાવત હોય છે. સામ સામે મળતાં મુખ પર નિખાલસતા નો દેખાવ કરીએ છીએ પણ અંદર થી ઉંચ-નીચ

નો વડિલ - સંતાનનો, નાના - મોટાનો, શેઠ-નોકરનો ઇર્ષાનો અગ્ની સતત બળ્યા કરે છે, ત્યારે આપણે સાધર્મિક ની ભાવના ભૂલી જઇએ છીએ. જૈન ધર્મ અનુસાર તો ફક્ત જૈન નહીં જૈનેતર અને સકળ વિશ્વના જીવો ને ખમાવી ને ક્ષમાયાચના કરવાની છે.

આપણા ધર્મ નુ ગણિત ખૂબ જ સક્ષમ છે. સદ્ભાવનાથી કરેલા દાન-પુણ્ય, તપ-આરાધના, ક્રિયા-દર્શન, યાત્રા થકી ભવભવ ના ફેરા ટાળી મુક્તિ પંથે જઇએ. તો ચાલો આપણે અહમ્ ઘમંડ, ક્રોધ, ઇર્ષા ના રોગ ના પ્રતિકાર માટે ''ક્ષમાપના'' રૂપી ઔષધ નો ઉપયોગ કરી મનથી હળવાફૂલ થઇ જઇયે.

**''નમ્યા એ સૌને ગમ્યા''** સર્વ જીવો ને અજ્ઞાની મહેન્દ્ર વોરાના ''મિચ્છામી દુક્કડમ''

સંકલન : **મહેન્દ્ર વોરા**

## ક્ષમાપના

ક્ષમાથી આવે સમતા, લાવે સમતા શાંતિ
શાંતિથી સંતોષ નીપજતાં, વધે જીવનની કાંતી
સાચા દિલથી ક્ષમા માંગે, અહંકાર, વિના શ્રમ ભાંગે
ઉદાર થઇ ક્ષમા આપે, સરળતા એના દિલમાં વ્યાપે
કરવા મનને શાંત, નીરોગી - ક્ષમા શસ્ત્ર છે ઉપયોગી
ક્ષમા રૂપી મલમ લાગતાં, ઘા વચન ના શીઘ્ર રૂઝાતાં
સંઘર્ષમય સંસાર ને સહેવા, વેર ઝેર તજી ને રહેવા
ક્ષમા તણો આપી ઉપહાર, મહાવીરે કર્યો ઉપકાર

સંકલન : **દિલીપ કે. મહેતા**

## હસગુલ્લા

બબલુને મનાવવા પપ્પા તેને આઇસક્રીમ ખાવા લઇ ગયા. ખાતા ખાતા આઇસક્રીમ નીચે પડી ગઇ. નીચેથી ઉપાડવા ગયો તો પપ્પાએ કહ્યું નીચે પડેલી ચીજો ન ઉપાડાય, બીજે દિવસે ફરી આઇસક્રીમ ખાવા ગયા. પપ્પાનો પગ કેળાની છાલ ઉપર આવતા તે નીચે પડી ગયા. પપ્પાએ બબલુ ને કહ્યું કે હાથ દઈ મને નીચેથી ઉપાડ બબલુએ કહ્યું તમે મને ગઇકાલે કહેલ ને કે નીચે પડેલ ચીજને નહીં ઉપાડવી તો હું તમને કેમ ઉપાડું ?

❁ એવું ક્યું કામ છે જે કર્યા વિનાજ થઇ જાય ? ફેઇલ થવાનું.

❁ હાથી અને માખીમાં સૌથી મોટો શું ફેર છે ? હાથી ઉપર માખી બેસી શકે પણ માંખી પર હાથી ન બેસી શકે.



SINCE 1998
Satkar
Caterers
Taste U'll Love to Eat
Pure Vegetarian Catering

*Om Padmavathi Namah*
**Rakesh Virchand Nagda**
**93466 87608, 92909 52406**

**Manish Virchand Nagda**
**96180 13690, 92472 55011**

**15-2-184/5, Maharajgunj, Hyderabad - 500 012**

(જા. ખ.)

❁ પ્રેમીકાને પરસેવા ક્યારે થાય ? પ્રેમી જ્યારે પર્સ ચોરી ને ભાગી જાય.

❁ તમારા નામ નીચે PPMF ડીગ્રી લખી છે તે કઇ ડીગ્રી ? પ્રાઇમરી પાસ, મિડલ ફેઇલ.

❁ પ્રેમિકા ક્યારે સારી લાગે છે ? મેકઅપ કરીને આવે ત્યારે અને પ્રેમિકા ક્યારે ખરાબ લાગે છે ? સુઇને ઉઠે ત્યારે.

## આંકડાની કરામત

1+3+5+7+9+11+13+15+17+19=100

હવે આમાંથી ફક્ત ૫ આંકડા લ્યો જેનો ટોટલ ૫૦ થાય કોઇ નંબર રીપીટ ન થવા જોઇએ, મગજ કશો.

સંકલન : રમેશ મણિલાલ શાહ

## આવેશ

"Best of Luck" .... સારો પેપર લખજે... ઉતાવળ કરતો નહીં વગેરે..વગેરે.. ભલામણ સાથે મોટા ભાઇએ હાથ મેળવ્યો. S.S.C. નું Maths પેપર હતુ. પરિક્ષાની તૈયારી સારી રીતે થઇ હતી માટે જરા ઉત્સાહ માંજ હતો. પરિક્ષા હૉલમાં જતી વખતે મોટા ભાઇએ મેળવેલ હાથ મેં ધન્યવાદ કહી જરા જોરથી દબાવી દિધો. એમના હાથને ફ્રેક્ચર થએલ અને પાટો બે દિવસ પહેલાજ ખુલ્યો હતો. એ વાત ધ્યાન બહાર રહી ગઇ.

એક જોરદાર ચીસ સાથે ભાઇનો બીજો હાથ ઉપડી ગયો અને મારા ગાલ ઉપર થપ્પડ જમાવી દિધી. એક ક્ષણ માટે સમસ્ત ડરી ગયા. (Action is equal to reaction ના નિયમ મુજબ) અનપેક્ષીત ઘટનાથી એકાએક મારી આંખોમાં આંસુ આવી ગયા.

પરિક્ષાનો સમય થઇ ગયો હતો. બેલ વાગી ગઇ હતી માટે કંઇક કહેવા સાંભળવા સમય ન હતો અને મૈ પરિક્ષા હૉલમાં પ્રવેશ કર્યો પોતાના હાથે થએલ ભૂલની ગ્લાની હતી. સાથે સાથે બધા સમક્ષ થએલ અપમાન થી હું લજ્જીત હતો. અકલ્પનીય સન્નાટો છવાઇ ગયો.

ઉત્તર પેપર ને પ્રશ્ન પેપર વેચાઇ ગયા અપેક્ષીત પ્રશ્નો સામે આવતાની સાથે પોતાને સંભાળી લઇ ઉત્તર પત્રિકા લખવા શરૂ કરી દિધું ગણિતના જવાબો સીધા પડતા હતા એટલે પેપર લખવા વ્યસ્ત થઇ ગયો... કહેવાય છે ને સુખ આવતાની સાથે માણસ દુઃખની ઘટના ભૂલી જાય છે. થોડા સમય માટે મનની લાગણી ને બાજુએ રાખી પેપર પુરૂં લખી લીધું. ઉત્તર પત્રિકા પરિક્ષકને આપી હું પરિક્ષા હોલથી બહાર આવ્યો અને ત્રણ કલાક પહેલા ની ઘટના ક્રમ મારી આંખો સમક્ષ તરી આવી. બધા સમક્ષ ચોટેલી થપ્પડ કરતા મોટા ભાઇના હાથને કરેલી પિડાથી હું વધારે વિચલીત થઇ ગયો.... કેમ ? હું એટલી પણ સાવધાની રાખી ન શક્યો એનુ દુઃખ મનને સતાવતું હતું.

થોડુ આગળ આવી ને જોકે એજ પેલા ઝાડ નીચે મોટા ભાઇ બેઠા હતા ચિંતામાં ડુબેલા.. પેપર પુરું લખાઇ ન જાય ત્યા સુધી ત્યાથી બીલકુલ હાલ્યા ચાલ્યા નહી. મને જોઇને એટલીવાર રોકેલા આંસુઓને વાટ મલી ગઇ. અનેક વાર સોરી કહી દુઃખની લાગણી વ્યક્ત કરતા એમણે પેપર કેમ હતો એની પુછા કરેલ મારા તરફથી પેપર બાબત ના સમાચાર સાંભળી એ પોતાનું દર્દ ભુલી ગયા પસ્તાવો કરતા ત્રણ કલાક ભાઇ ત્યાંજ બેઠા હતા એ જોઇ હું પણ બધી વાતો ભૂલી ગયો.

લાગણીનો બંધ તુટી પડ્યો. અને અમે એક બીજાને ભેટી પડ્યા. બન્ને ભાઇઓને એક બીજા પ્રત્યેની લાગણીનો સાક્ષાત્કાર આ પ્રસંગે થયો.

આજે પણ જ્યારે એ પ્રસંગ યાદ આવે છે, રૂંવાટા ઊભા થઇ જાય છે. ખાસ વાત તો એ હતી કે બાકી બધા વિષયો કરતા Maths માં વધારે માર્કસ મલ્યા હતા.

સંકલન : હંસકુમાર સાયલા

# પ્રથમ પુણ્યતિથિએ શ્રધ્ધાંજલી



**શ્રી રતનશી હરશી દેઢિયા**

(કચ્છ-નાંગલપુર)

એકાંતમાં રડી લઈશું જ્યારે આવશે તમારી યાદ જ્યાં કુદરત જ રૂઠી ગઈ ત્યાં કોને કરવી ફરિયાદ.

## શોકાતુર

માતા : *દેવકાબેન હરશી નથુ દેઢિયા*
ધર્મપત્ની : *દમયંતીબેન રતનશી દેઢિયા*
પુત્ર-પુત્રવધુ : *હિતેન-મનીષા, શ્રીપાલ-હીરલ*
પૌત્ર-પૌત્રી : *મોહિત, પાર્થ, પૂજા*

**ડાયમંડ પ્લાસ્ટિક વર્કસ** ફોન : ૯૩૯૧૦ ૪૪૯૯૪, ૯૮૪૯૪ ૭૭૪૭૦ (જા. ખ.)

DIVA
...exclusive Designer Wear

**Kunjal Shah -7799556780**
**# 4-2-578, Left Lane of NILGIRI MITHAI,**
**Police Station Lane,**
**Badichowdi, Hyderabad.**

**Designer Kurti,**
**Leggings, Jeggings,**
**T-Shirts, Salwar, Duppatta**
**& Chudidar Duppatta Set**

**100%**
**Guarantee**
**for not getting**
**Bubblings**
**on Leggings**

**Flat 40% Off** on Limited Stock

# KOMAL KALA NIKETAN

## Presents Deepavali Mela

**at Abids Function Hall**
**on 17th & 18th October 2011**
**from 10.00 a.m. - 9.00 p.m.**

DEEPAVALI SHOPPING UNDER 1 ROOF

**Decorate your home with**

- Instant Rangoli
- Besheets
- 1 Gm Gold Jewellery
- Chappals
- Designer Sarees from Calcutta
- Butis, Lays
- Food Stalls
- Torans
- Dewansets
- Silver Items
- Kurtis
- Borders
- Pooja Items
- Cool Drinks

Sweets & Snacks all under one roof.

*For Stall Booking Contact :* **Mrs. Kusum Tolwala**

**KOMAL KALA NIKETAN**
1-2-32/A, Badam Galli, Domalguda, Hyderabad Ph : 040-2763 4456, 93910 45286

## Shrinathji Novelty

***All kind of Artificial Jewellery, Saree covers, Bangles......***
Visit once for satisfaction

**NUPUR TOLWALA**
1-2-32/A, Domalguda, Hyderabad. Ph : 95504 16713, 95504 16713

(જા.ખ.)

*Jai Mahaveer*

**Rain, Rain Come Again...**
**...But before the Rain Drains**

## SOLVE YOUR WATER PROOFING PROBLEMS

- *Without damaging your RCC/PCC structure*
- *Without Chipping*
- *Without sloping requirement*
- *Without over-loading*
- *Without removing the tiles*

*For all your above problems we*

# NAMAN
# Construction Solutions

***Will help you-out to overcome the situation***
***Undertake turnkey job with the latest technology, product and have the skilled workmanship to help you-out to overcome the watery situation.***

*Specialist for :* **Treatment for Water Leakages from**

**Terrace, Bathrooms, Toilets, Corridors, Side Walls & Balconies.**
**Protection from dampness to Stone, Granite, Marble Cladding etc.,**

*You be Absolutely Tension Free*

Contact :
**VARDHAMAN DEVJI LODAYA**
B/1, Suryanarayana Apts., Opp. Gujrati Pragati Samaj Function Hall,
Lingampally, Kachiguda, Hyderabad - 500 029 (A.P.) Ph : 98853 41835
E-mail : naman.construction.solutions@gmail.com

**We Serve :**
**RESIDENTIAL, COMMERCIAL & INDUSTRIAL AREAS TOO**

(જા.ખ.)

# Ashok Kumar & Son's Jewellers

**Certified Diamond Jewellery from DUBAI**
**Start from Rs. 6500/- onwards**
**with Buy back guarantee**

916K.D.M. Gold Jewellery,
Gold Chudda Bangle Sets,
100% Pure Silver Articles
& Real Pearl Sets Available.
Certified Gem Stone Available.

**BUY GOLD / GOLD JEWELLERY NOW AND PAY IN MONTHLY EASY INSTALLMENTS**

PLEASE VISIT OUR SHOWROOM :

3-3-157, Subhash Road, R.P. Road Bata, Secunderabad
Ph : 040-2781 2756, 4002 5600, 97012 34526
E-mail : aksjewel@gmail.com

(જા.ખ.)

***Get this Add & avail a Special Discount***

# KCC Kutchhi Cricket Club Hyderabad

Hi friends, the last stage of KCL tournament is in full swing. League round is nearly complete and it is exciting to see that after such a lengthy tournament, fight for two more semifinal berths is still on & it will be decided only in last league match between Vishal Warriors & Navrang Chargers to be held on 18th September.

Pankti Riders & Marc Masters have booked their places for semi's where as Kesar Kings, Vishal Warriors & Navrang Chargers will be eyeing the remaining two places.

This is how the point's table stands after match no. 26 of KCL 2011.

| Sl.no | Team Name | P | W | L | T | Points | NRR |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Pankti Riders | 7 | 5 | 2 | 0 | 10 | 0.427 |
| 2 | Navrang Chargers | 6 | 4 | 2 | 0 | 8 | 0.727 |
| 3 | Marc Masters | 7 | 4 | 3 | 0 | 8 | 0.615 |
| 4 | Vishal Warriors | 6 | 4 | 2 | 0 | 8 | 0.494 |
| 5 | Kesar Kings | 7 | 4 | 3 | 0 | 8 | 0.425 |
| 6 | Raj Royals | 6 | 2 | 4 | 0 | 4 | -0.987 |
| 7 | Shanti Ke Sitare | 7 | 2 | 5 | 0 | 4 | -1.026 |
| 8 | Shantinath Sultans | 6 | 1 | 5 | 0 | 2 | -0.762 |

Orange Cap is presently with Punit Sanghvi, who has scored more than 900 runs this season & is in a terrific form.

Purple Cap is in firm grip of Dhiren Haria, who is leading the pack with 38 wickets.

KCC requests all of you to join us for the semifinals & finals of KCL to be held next month.

Comming in Jan 2012
the ultimate cricket extravangaza
Victory Cup KPL-4

For Further information & suggestions visit www.cricketkpl.com.
join us at facbook@kutchhicricketclubhyderabad. Manthan Shah-9849319090.

*One & Only Traditional Showroom of Kutch - Gujarat*

**Kutch Kala Darshan**

**23rd Anniversary Discount Sale**

**4-3-52/2, HVS Complex, K.S. Lane, Sultan Bazar, Hyd - 95. Ph : 24751401, 66621401**

*Dear Customers,*

**10%**

**Discount on Selected Items**

*Your favourite shop once agin brings Kutch Gurjari Annual Discount Sale as usual.*

*We are thankful to all our customers for our success and popularity*

***Grand 23rd Anniversary & Festival Discount Sale from***

**15-9-2011 to 6-10-2011**


*Special Traditional Ghagra Cholis for all ages. Metal Jewellery, Hand Work Kurta, Jeans Tops, Bandhani Material, Batick Prints, Bandhani Sarees, Nighties, Puppets, Decorated Daandia, Mirror works, Bead work patches, Borders, Mud work Items.*

***Don't Miss....! Join the rush.***

**Now also at SECUNDERABAD**

**1-8-55, Tirthankar Apts., Opp. SBH, P.G. Road, Secunderabad Ph : 040-66311401**





**1 PAIR DAANDIA**

**OR**



**NECKLACE SET**



*Special* **FREE GIFT** *on Purchase of :* **GHAGRA CHOLI**

(જા.ખ.)

*Ticket booking at a finger click,*
*You plan your holidays and we will build your travel.*

# *Flight Tickets,*
# *TrainTickets*
# *Bus Tickets*
# *Car Hire....*

*Just Contact this no. -* **Aashish V. Vora** *093911 77017*

***M/s. Vardhaman Dresses,***
*4-5-939, Badi Chowdi, Hyderabad*

(જા. ખ.)



*દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :*

**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.
નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯

(જા. ખ. S-1157, Aug.09)

**DEEPAK MAVJI DHAROD**　　**Cell : 98490 53458**

## BHAVANA TOURS & TRAVELS

**RENT A CAR INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL & SEMI DELUX BUSES**
**DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK**
Off & Res : 1-8-80/1/A, Venkat Swamy Lane, Street No.11, Chikkadpally Hyd-20

(જા. ખ.)

**''હોલસેલ ભાવે દવા મેળવવાનું સ્થળ''**

**Vikas Bangad**　　**Aditya Bangad**


## USHA PHARMA

# 4-4-230/1, Inderbagh, Sultan Bazar, Hyderabad - 500 095.
Ph : 6522 3381, 2476 1623 Cell : 93910 10398

**ALL MEDICINES ON WHOLE SALE RATES**

(જા. ખ.)



# R.S. BANDHANI HOUSE

*કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં*


કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા.ખ. H-2750)

શુભ ।। અનંત ચૌવિશી જીન નમો ।। લાભ



# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

**(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)**

સંચાલક : **હંસકુમાર રાયચંદ સાયલા**

૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયા ની ઉપર, કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭.
આં.પ્ર. ફોન : ૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫, ૯૨૪૬૫૩૨૫૪૫

દરમહિનાના પહેલા રવિવારે કાચીગુડા થી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તિ દિઠ રૂ. ૫૦/- માત્ર.

સેપ્ટેમ્બર ૨૦૧૧ ની યાત્રા અનુકુલ સંજોગો ન હોવાથી મુલત્વી રાખી રવિવાર દિનાંક ૨ અક્ટોબર ૨૦૧૧ ના બે બસો દ્વારા ચૈતપરિપાટીનું કાર્યક્રમ રાખવામાં આવેલ છે તથા ચૈતપરિપાટી પુરતો નકરો રૂ. ૧૦૦/- રાખવામાં આવેલ છે.

સવારના ઠીક ૫.૩૦ વાગે જીનેશ્વર ધામ મંદિરે શાંતીનાથ દાદાના દર્શન કરી કોઠી જૈન મંદીરના દર્શન, ત્યારબાદ ચારકમાન જૈન મંદીરે દર્શન તથા નવકારશી નું લાભ લઈ બરાબર ૮.૩૦ વાગે કુલપાકજી તીર્થ યાત્રામાં પ્રસ્થાન કરવું. શ્રી કુલપાકજીમાં નિત્ય દેવ દર્શન પૂજા પાઠ નો કાર્યક્રમ પૂરો કરી ૧.૦૦ વાગ્યા સુધી મેડચલ માટે પ્રસ્થાન કરવું ૪.૦૦ વાગે મેડચલ પહોંચી દેવ દર્શન ચોવિહારનો કાર્યક્રમ પતાવી ૬.૦૦ વાગે સ્નેહ મીલનનો કાર્યક્રમ આયોજીત કરવામાં આવેલ છે. સ્નેહમીલનમાં સંઘપતીઓનુ સન્માન ઈત્યાદી કરી પાછા હૈદરાબાદ માટે રવાના થવુ તથા ૮.૦૦ વાગ્યા સુધી હૈદરાબાદ પહોંચવું.

આવા સુંદર આયોજન માટે વહેલો તો પહેલો ધારેણે નામો નોંધવામાં આવશે. યાત્રા દરમ્યાન નવકારશી તથા ચોવિહાર નો લાભ લેવા નકરો રૂ. ૧૧,૦૦૦/- રાખવામાં આવેલ છે. તક ઝડપી લઈ પુણ્યાર્જન કરશો.

**શ્રી સંઘને નિચે મુજબ અનુદાનો પ્રાપ્ત થયા છે.**

| | | |
|---|---|---|
| ૧) | શ્રીમતિ સોનલબેન અમીત કારીયા પ.પૂ. દાદા સ્વ. માવજી સામેત સાવલા ના સ્મરણાર્થે ગરીબ ભોજનના | રૂ. ૮૦૦/- |
| ૨) | શ્રી ઠાકરશી ધેલાભાઈ નાગડા - કચ્છ બીદડા હાલ ઘાટકોપર મુંબઈ ગૌસેવા માટે | રૂ. ૫૦૧/- |
| 3) | માતુશ્રી પાનબાઈ ગાંગજી હેમરાજ કોડાય કચ્છ હાલ મુંબઈ ગૌ સેવા માટે | રૂ. ૫૦૧/- |

(જા.ખ. F-2190)

*કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :*

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા, ગામ મોટા લાયજા-કચ્છ, હાલ મુંબઈ હસ્તે શ્રીમતી મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવાર ના જયજિનેન્દ્ર**

સ્થાપના : ગાંધી જયંતિ ૧૯૭૪ લોકાઃ સમસ્તાઃ સુખીનો ભવન્તુ !! ફોન : ૨૪૭૫૫૩૩૧
૬૬૭૩૫૩૩૧



# ગાંધી જ્ઞાન મંદિર યોગ કેન્દ્ર

(સર્વોદય વિચાર પ્રચાર ટ્રસ્ટ સંચાલિત)

યોગ સ્ટ્રીટ, કોઠી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦૦૯૫

Visit us : www.yogasimplified.com Ph : Dr. Praveen Kapadia - 6673 5331, 6461 5331.
Ravindra - 6673 2484, 2476 5331, Anshul - 92465 75331, Vaishali - 94412 55331.

- યોગાસન, પ્રાણાયામ તથા ધ્યાન સાધનાનું **વિશ્વ વિખ્યાત યોગ કેન્દ્ર** .................
- અત્યાર સુધી **૩,૫૦,૦૦૦ થી વધુ** વ્યક્તિઓએ લાભ લીધેલ છે.....
- છેલ્લા ૩૭ વર્ષથી એક પણ દિવસની રજા વગર નિયમિત યોગ શિક્ષણ આપવાનું **વિશ્વ વિક્રમ** ધરાવતું કેન્દ્ર
- પ્રતિદિન મુખ્ય કેન્દ્રમાં **૫૦૦ થી વધુ** સાધકો યોગ સાધના માટે આવે છે.....
- અન્ય શાખા કેન્દ્રોમાં રોજ **૧૦,૦૦૦ થી વધુ** લોકો નિયમિત યોગાભ્યાસ કરીને જીવન સુખમય બનાવે છે.
- ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, અસ્થમા, સ્પોન્ડીલાઈટીસ, ગરદન, કમર તથા સાંધાનાં દુઃખાવા, મેદવૃધ્ધિ, ગેસ્ટ્રીક ટ્રબલ, કબ્જીયાત, ટેન્શન, નિરાશા જેવી શરીર-મનની અનેકવિધ બીમારીઓ-તકલીફોની **સુપર સ્પેશિયાલિસ્ટ ગેરન્ટેડ ટ્રીટમેન્ટ** કેન્દ્રની મુખ્ય વિશેષતા છે. એટલેજ શહેરના દરેક મોટા ડોક્ટરો, હોસ્પીટલો પોતાના પેશેંટોને અહીં રોજ મોકલે છે....
- સવારના ૪.૦૦ વાગ્યાથી રાત્રે ૮.૦૦ વાગ્યા સુધી **સૌને અનુકુળ** એવા સમયે એક પછી એક **૧૨ સેશન્સ** ચાલે છે..
- **બ્હેનો માટે** અલગ ક્લાસ પણ હોય છે.....
- કચ્છી ભાઈ-બહેનો માટે **૭ દિવસ નિઃશુલ્ક યોગ શિક્ષણ** આપવામાં આવશે...
- મુખ્ય કેન્દ્રમાં આવી ન શકે એવા માટે **ઘરે પણ** યોગ શિક્ષણની વ્યવસ્થા છે.....
- **પ્રાકૃતિક ચિકિત્સા**-એનિમા, મસાજ, સ્ટીમબાથ વગેરેની કુશળ માર્ગદર્શન હેઠળ વ્યવસ્થા છે.....
- અંકુરિત અન્નનો **પ્રાકૃતિક નાસ્તો** (રૂા. ૭) રોજ સવારના ૭.૦૦ થી ૮.૦૦ સુધી મળે છે.

## યોગના નવા કલાસ દર સોમવારથી શરૂ થાય છે.

**અદભૂત – અકસીર–અનુભવ સિધ્ધ સરકાર માન્ય દેશ વિદેશમાં લોકપ્રિય આયુર્વેદિક ઔષધિઓ**

**આરોગ્યામૃતમ્**
ડાયાબિટીઝ, બ્લડ પ્રેશર, અસ્થમા, દરેક જાતના તાવ, કમળો, દુઃખાવો, પેટ–લીવર–કિડનીના રોગ, બહુમુત્ર, બળતરા, સોજા વિ.ના નિવારણ હેતુ.....

**સૌદર્યામૃતમ્**
મેદ વૃધ્ધિ દૂર કરીને શરીરને સપ્રમાણ–સુંદર બનાવવા માટે...

**ઉદરામૃતમ્**
ગેસ, એસીડીટી, અપચો, અરૂચિ, કબજીઆત દૂર કરવા માટે...

**દંતામૃતમ્**
દાંતોના દુઃખાવા, લોહી પડવા, પાયોરીઆ વિ.થી પૂર્ણ મુક્તિ માટે..

**કેશામૃતમ્**
સુંદર–લાંબા, દઢ–કાળા વાળો માટે તથા ખોડા–સફેદ વાળ વિ.થી સંપૂર્ણ મુક્તિ માટે...

**અમૃત તેલમ્**
શરીર વેદના, સાંધાના દર્દ, સંધિવાત, આમ વાત, સર્વાંગ વાત દૂર કરવા માટેનું માલીશ તેલ..

**ચ્યવન પ્રાશાવલેહ**
શરીર–મનની શક્તિ, ચહેરાની રોનક, ક્રાંતિ, ધાતુ શક્તિ વધારવા માટે.....

**મનસામૃતમ્**
મનની શાંતિ, યાદ શક્તિ, એકાગ્રતા વધારવા તથા અનિદ્રા, માનસિક તાણ, ભય દૂર કરવા માટે..

**શ્વાસનામૃતમ્**
ખાંસી, શરદી, એલર્જી, દમ દૂર કરવા માટે...

નિર્માતા : **બેટર હેલ્થ પ્રોડકટસ્**

(Mg. Dir. ડૉ. પ્રવીણ કાપડિયા (કચ્છ - પત્રીવાલા) ફોન.૨૪૭૫૫૩૩૧, ૯૨૪૬૫ ૭૫૩૩૧)

યોગ-આનંદ, પ્રેમબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦૦૯૫, ફોન (૦૪૦) – ૨૪૭૫૨૮૪૮, ૯૨૪૬૧૮૨૪૮૪

મંડળનો મેડીકલ કાર્ડ લઈને આવતાં ઉપરોક્ત બધી દવાઓ ઉપર ૧૦ ટકા ડીસ્કાઉંટ આપવામાં આવશે.
સ્થળ : ગાંધી જ્ઞાન મંદિર સમય : સવારના ૭.૦૦ થી ૧૨.૦૦, સાંજના ૫.૦૦ થી ૭.૦૦
દર મહિનાના ત્રીજા સોમવાર થી યોગા અને મેડિટેશન કોર્સ શરૂ થશે. (જા.ખ. F-1160)